સુવર્ણ જયંતિ વર્ષે વિચાર મંથન

ઈશ્વરભાઈ માવજીભાઈ ભગત
માજી મહામંત્રી,
શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર સમાજ,
નખત્રાણા-કચ્છ.
તા. ૩૦-૦૯-૨૦૦૯

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ વિધિવત સ્થાપનાની સુવર્ણ જયંતિ ઉજવે છે. વહી ૫૦ વર્ષમાં સમાજ દ્વારા નોંધ પાત્ર ઉપલબ્ધીઓ પ્રાપ્ત કરેલ છે. સુર્વણ જયંતી પ્રસંગ એટલે વિતેલ ના કાર્યોના તટસ્થતા થી થતા લેખા જોખા. સમાજના સારા પાસા જેવાં કાર્યો ચોકસ ચાલુ રહેવા જોઈએ કેટલાક પાસાઓમાં પુનઃ વિચાર કરવો જોઈએ.

વિતેલ સમયમાં લાગણી ના વહેણમાં એવા પણ કેટલાક નિર્ણયો લેવાયા જેના કારણે અત્યારે પરસ્પર અવિશ્વાસ જેવું વાતાવરણ ઉભુ થઈ રહયું છે. વિતેલ સમયમાં આપણે જોયું કે, અધિવેશન હોય કે સમાજની મીટીંગ જેમાં સમાજની ગરીમાને ઠેસ પહોચે એ રીતે આવેશમય ભાષામાં વિચારો વ્યકત થઈ રહયા છે. આવા ઉદ્ભવેલ પ્રશ્નોના મુળમાં જઈ ભાવુક બન્યા વગર કાયમી અને તટસ્થ ઉકેલ લાવવા વિચાર મંથન કે પ્રત્યનો કરવા જરૂરી છે.

સભામાં ઉતાવળે લેવાતા નિર્ણયો ઉપર બ્રેક મારીને પુરતો વિચાર વિમર્શ કર્યા પછી જ નિર્ણયો લેવાવા જોઈએ. ઉતાવળે લેવાતા નિર્ણયો તત્સમયે અનુકુળ લાગતા હોય છે. પરંતુ પાછળથી અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. સભામાં એજન્ડા અન્ય હોય પરંતુ વકતા નવો વિચાર વહેતો મુકે એટલે ત્યાર પછીના વકતાઓ સીધા તેમને ટેકો આપવાની હોડ લગાવે છે.

ઉપસ્થિત વિચારના કારણે ભવિષ્યમાં આવનાર દુરોગામી પરીણામો પર પુરતો વિચાર કરવાનો સમય પણ રહેતો નથી અત્રે દ્રષ્ટાંત રૂપ માત્ર ત્રણ દાખલાઓ આપ્યા છે. જેમાં ખરેખર પુરતા વિચાર વિમર્શની જરૂર હતી.

(૧) ઈ.સ. ૧૯૫૭ પહેલાં જ્ઞાતિમાં **શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ** અસ્તિત્વ ધરાવતો હતો જેના બંધારણ ધારા ધોરણ, મીટીગો, પ્રવાસો, પ્રિન્ટીગ અહેવાલો પણ અમલમાં હતા. આપણે સમાજના પ્રથમ અહેવાલમાં પણ જેમનો ફોટો સાથે ઉલ્લેખ કરેલ છે. એવા પ. પૂ. શ્રી ઓધવરામ મહારાજની પ્રેરણાથી સમાજનાં બાળકોના અભ્યાસ માટે વિધાર્થી બોર્ડીગો અને સ્કુલો બનાવવા માટે સનાતન સમાજ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી એ માટેના પ્રવાસો અને મીટીગો યોજવામાં આવી. શિક્ષણની ઝુંબેશના ભાગ રૂપે પાટીદાર સમાજનું પ્રથમ છાત્રાલય ધનસુરા (સાબરકાંઠા) ખાતે બનાવવામાં આવ્યું. એ જ રીતે બહોળી વસ્તી ધરાવતા કચ્છ જીલ્લાના નખત્રાણા ખાતે પાટીદાર બોર્ડીગ બનાવવાનો વિચાર વહેતો મુકવામાં આવ્યો અને ઝુંબેશ ઉપાડવામાં આવી. કચ્છ થી કરાંચી અને છેક કલકતા, મુંબઈ સુધીના આગેવાનો સક્રિય બન્યા પરંતુ પ. પૂ. શ્રી ઓધવરામજી મહારાજના અવસાન બાદ ૧૯૫૭ માં જે મીટીંગ મળી તેમાં મેં ઉપર જણાવ્યું તેમ ઉદાર મનથી લાગણીના આવેશમાં આવીને વિચારો વ્યકત કરવામાં આવ્યા અને **શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ** ના બદલે **શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ** નામ અપનાવવામાં આવ્યું. ત્યારબાદ પાટીદાર બોર્ડીગ બનાવવામાં આવી અને નવું બંધારણ પણ અમલમાં લાવવામાં આવ્યું.

(૨) ઈ.સ. ૧૯૭૭ માં જ્ઞાતિનું બીજુ અધિવેશન નખત્રાણા ખાતે મળી રહયું હતું ત્યારે જ્ઞાતિના રીત-રીવાજો યુવક સંઘ ઉપરાંત મુખ્ય મુદો ભુજ ખાતે વિધાર્થી હોસ્ટેલના બાંધકામ અંગેનો હતો. અધિવેશનમાં ગુજરાત રાજયના વિધાનસભાના અધ્યક્ષ માનનીય શ્રી કુંદનભાઈ ધોળકીયા કે જેઓ મુળે ભુજ કચ્છના છે. અને સમાજના આગેવાનો જોડે નજીકનો નાતો રાખનાર લાગણીશીલ વ્યકિત છે. ભારતની આઝાદી પહેલાના સમયથી તેઓ સમાજના જે તે વખતના આગેવાનો જોડે સબંધ રાખતા હતા તેવા શ્રી કુંદનભાઈની ઉપસ્થિતિમાં એજન્ડા બહારની ચર્ચા ઉપાડવામાં આવી. નખત્રાણા ખાતે હોસ્પીટલ બનાવવાની સભામાંજ નિર્ણય લેવાયો મા. શ્રી કુંદનભાઈની મદદથી ગુજરાત સરકાર દ્વારા આપણી સમાજને હોસ્પીટલ બનાવવા ટોકન ચાર્જથી ૪ એકર જેટલી કીમતી જમીન ફાળવવામાં આવી. પરંતુ વડીલોની લાગણી હોવા છતાં પુરતી વિચારણા વગરનાં નિર્ણયે કાર્ય ૨૫ વર્ષ સુધી લંબાયું અને અત્યારે પણ હોસ્પીટલ ચાલે છે એ ભુજની લેવા પટેલ ટ્રસ્ટની હોસ્પીટલ જેવું સ્વતંત્ર મેનેજમેન્ટની રાહ જોઈ રહી છે.

(૩) ઈ.સ. ૨૦૦૯ની સમાજની વાર્ષિક સામાન્ય સભામાં જે વિષયનો એજન્ડામાં સમાવેશ કરવામાં નહોતો આવ્યો એવો નખત્રાણા ખાતે કાર્યરત જી.એમ.ડી.સી. કોલેજનું સંચાલન સમાજ સ્વીકારે એવો વિચાર વહેતો મુકવામાં આવ્યો. વિચાર ઉમદા હતો પરંતુ સમાજનું જ ટ્રસ્ટ **શ્રી ઉમા એજયુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ** શિક્ષણનું કાર્ય સંભાળી રહયું છે જેનું સુરત ખાતેનું સંકુલ/સાહસ અત્યારે લોનની સગવડ ઉપર ચાલી રહયું છે. નખત્રાણા ખાતેની કોલેજ અત્યારે દર વર્ષે ૧૮ લાખની ખોટ કરી રહી છે. તો આવા ઉતાવળા નિર્ણયો કયાં સુધી કરતા રહેશું.

સુવર્ણ જયંતિ વર્ષે વિચાર મંથન

ઈશ્વરભાઈ માવજીભાઈ ભગત
માજી મહામંત્રી,
શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર સમાજ,
નખત્રાણા-કચ્છ.
તા. ૩૦-૦૯-૨૦૦૯

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ વિધિવત સ્થાપનાની સુવર્ણ જયંતિ ઉજવે છે. વહી ગયેલ ૫૦ વર્ષમાં સમાજ દ્વારા નોંધ પાત્ર ઉપલબ્ધીઓ પ્રાપ્ત કરેલ છે. સુર્વણ જયંતી પ્રસંગ એટલે વિતેલ સમયના કાર્યોના તટસ્થતા થી થતા લેખા જોખા. સમાજના સારા પાસા જેવાં કાર્યો ચોકસ ચાલુ રહેવા જોઈએ જયારે કેટલાક પાસાઓમાં પુનઃ વિચાર કરવો જોઈએ.

વિતેલ સમયમાં લાગણી ભાં વહેણમાં એવા પણ કેટલાક નિર્ણયો લેવાયા જેના કારણે અત્યારે પરસ્પર અવિશ્વાસ જેવું વાતાવરણ ઉભુ થઈ રહયું છે. વિતેલ સમયમાં આપણે જોયું કે, અધિવેશન હોય કે સમાજની મીટીંગ જેમાં સમાજની ગરીમાને ઠેંસ પહોંચે એ રીતે આવેશમય ભાષામાં વિચારો વ્યકત થઈ રહયા છે. આવા ઉદ્ભવેલ પ્રશ્નોના મુળમાં જઈ ભાવુક બન્યા વગર કાયમી અને તટસ્થ ઉકેલ લાવવા વિચાર મંથન કે પ્રત્યનો કરવા જરૂરી છે.

સભામાં ઉતાવળે લેવાતા નિર્ણયો ઉપર બ્રેક મારીને પુરતો વિચાર વિમર્શ કર્યા પછી જ નિર્ણયો લેવાવા જોઈએ. ઉતાવળે લેવાતા નિર્ણયો તત્સમયે અનુકુળ લાગતા હોય છે. પરંતુ પાછળથી અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. સભામાં એજન્ડા અન્ય હોય પરંતુ વકતા નવો વિચાર વહેતો મુકે એટલે ત્યાર પછીના વકતાઓ સીધા તેમને ટેકો આપવાની હોડ લગાવે છે.

ઉપસ્થિત વિચારના કારણે ભવિષ્યમાં આવનાર દુરોગામી પરીણામો પર પુરતો વિચાર કરવાનો સમય પણ રહેતો નથી અત્રે દ્રષ્ટાંત રૂપ માત્ર ત્રણ દાખલાઓ આપ્યા છે. જેમાં ખરેખર પુરતા વિચાર વિમર્શની જરૂર હતી.

(૧) ઈ.સ. ૧૯૫૭ પહેલાં જ્ઞાતિમાં **શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ** અસ્તિત્વ ધરાવતો હતો જેના બંધારણ ધારા ધોરણ, મીટીંગો, પ્રવાસો, પ્રિન્ટીંગ અહેવાલો પણ અમલમાં હતા. આપણે સમાજના પ્રથમ અહેવાલમાં પણ જેમનો ફોટો સાથે ઉલ્લેખ કરેલ છે. એવા પ. પૂ. શ્રી ઓધવરામ મહારાજની પ્રેરણાથી સમાજનાં બાળકોના અભ્યાસ માટે વિદ્યાર્થી બોર્ડીંગો અને સ્કુલો બનાવવા માટે સનાતન સમાજ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી એ માટેના પ્રવાસો અને મીટીંગો યોજવામાં આવી. શિક્ષણની ઝુંબેશના ભાગ રૂપે પાટીદાર સમાજનું પ્રથમ છાત્રાલય ધનસુરા (સાબરકાંઠા) ખાતે બનાવવામાં આવ્યું. એ જ રીતે બહોળી વસ્તી ધરાવતા કચ્છ જીલ્લાના નખત્રાણા ખાતે પાટીદાર બોર્ડીંગ બનાવવાનો વિચાર વહેતો મુકવામાં આવ્યો અને ઝુંબેશ ચોંઠે ઉપાડવામાં આવી. કચ્છ થી કરાંચી અને છેક કલકતા, મુંબઈ સુધીના આગેવાનો સક્રિય બન્યા પરંતુ પ. પૂ. શ્રી ઓધવરામજી મહારાજના અવસાન બાદ ૧૯૫૭ માં જે મીટીંગ મળી તેમાં મેં ઉપર જણાવ્યું તેમ ઉદાર મનથી લાગણીના આવેશમાં આવીને વિચારો વ્યકત કરવામાં આવ્યા અને **શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ** ના બદલે **શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ** નામ અપનાવવામાં આવ્યું. ત્યારબાદ પાટીદાર બોર્ડીંગ બનાવવામાં આવી અને નવું બંધારણ પણ અમલમાં લાવવામાં આવ્યું.

(૨) ઈ.સ. ૧૯૭૭ માં જ્ઞાતિનું બીજુ અધિવેશન નખત્રાણા ખાતે મળી રહયું હતું ત્યારે જ્ઞાતિના રીત-રીવાજો યુવક સંઘ ઉપરાંત મુખ્ય મુદો ભુજ ખાતે વિધાર્થી હોસ્ટેલના બાંધકામ અંગેનો હતો. અધિવેશનમાં ગુજરાત રાજયના વિધાનસભાના અધ્યક્ષ માનનીય શ્રી કુંદનભાઈ ધોળકીયા કે જેઓ મુળે ભુજ કચ્છના છે. અને સમાજના આગેવાનો જોડે નજીકનો નાતો રાખનાર લાગણીશીલ વ્યકિત છે. ભારતની આઝાદી પહેલાના સમયથી તેઓ સમાજના જે તે વખતના આગેવાનો જોડે સબંધ રાખતા હતા તેવા શ્રી કુંદનભાઈની ઉપસ્થિતિમાં એજન્ડા બહારની ચર્ચા ઉપાડવામાં આવી. નખત્રાણા ખાતે હોસ્પીટલ બનાવવાની સભામાંજ નિર્ણય લેવાયો મા. શ્રી કુંદનભાઈની મદદથી ગુજરાત સરકાર દ્વારા આપણી સમાજને હોસ્પીટલ બનાવવા ટોકન ચાર્જથી ૪ એકર જેટલી કીમતી જમીન ફાળવવામાં આવી. પરંતુ વડીલોની લાગણી હોવા છતાં પુરતી વિચારણા વગરનાં નિર્ણયે કાર્ય ૨૫ વર્ષ સુધી લંબાયું અને અત્યારે પણ હોસ્પીટલ ચાલે છે એ ભુજની લેવા પટેલ ટ્રસ્ટની હોસ્પીટલ જેવું સ્વતંત્ર મેનેજમેન્ટની રાહ જોઈ રહી છે.

(૩) ઈ.સ. ૨૦૦૯ની સમાજની વાર્ષિક સામાન્ય સભામાં જે વિષયનો એજન્ડામાં સમાવેશ કરવામાં નહોતો આવ્યો એવો નખત્રાણા ખાતે કાર્યરત જી.એમ.ડી.સી. કોલેજનું સંચાલન સમાજ સ્વીકારે એવો વિચાર વહેતો મુકવામાં આવ્યો. વિચાર ઉમદા હતો પરંતુ સમાજનું જ ટ્રસ્ટ **શ્રી ઉમા એજયુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ** શિક્ષણનું કાર્ય સંભાળી રહયું છે જેનું સુરત ખાતેનું સંકુલ/સાહસ અત્યારે લોનની સગવડ ઉપર ચાલી રહયું છે. નખત્રાણા ખાતેની કોલેજ અત્યારે દર વર્ષે ૧૮ લાખની ખોટ કરી રહી છે. તો આવા ઉતાવળા નિર્ણયો કયાં સુધી કરતા રહેશું.

ઉપરોકત ત્રણ મુદાઓ તો માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે જ આપ્યા છે. જેના ઉપરથી આપણે આપણી કાર્યપદ્ધતિ વિષે ગંભીર બનીને વિચારવાની જરૂર છે.

સમાજના ૫૦માં વર્ષે નીચે જણાવ્યા મુજબના મુદાઓ ઉપર આપણે સાથે મળી ગહન વિચાર કરવાની જરૂર છે.

(૧) ગુજરાતમાં કડવા પાટીદારના વિવિધ સંગઠનો/સમાજો આવેલ છે. જેમાં ઉતર ગુજરાતમાં ગોળની પ્રથા અમલી છે. પરંતુ મા ઉમિયાના શરણે ઉંઝા હેઠળ સંગઠીત છે. એમનો હુકમ સ્વીકારાય છે. મા ના કારણે સંસ્થાની ઝોળી સદાય છલકાયેલી જ રહે છે. ઉતર ગુજરાતનું સંગઠન હોવા છતાં પણ મા ઉમિયાના નેજા હેઠળ સમગ્ર કડવા પટેલોને સાંકળીને ચાલી રહયું છે. સૌરાષ્ટ્રમાં સ્થાનિકની વિવિધ સમાજો છે. પરંતુ મા ઉમિયાના નેજા-સીદસર હેઠળ સમગ્ર સૌરાષ્ટ્રના કડવા પટેલો સંગઠીત બન્યા છે. અને આર્થિક તાકાત પણ બતાવી આપી છે. એજ રીતે સુરત વિસ્તારના કડવા પટેલો પણ મા ઉમિયાના નેજા હેઠળ જ સંગઠીત બન્યા છે. એક ડગલું આગળ વધી કડવા-લેવાને સાંકળવાના પ્રયત્નો કરી રહયા છે.

જયારે કચ્છના કડવા પટેલોએ પાટીદાર જ્ઞાતિ મા ઉમિયાની સ્થાપના પછી સમાજની સ્થાપના ૧૯૫૭માં કરી પરંતુ મા ઉમિયાના નેજા હેઠળ પુરતા પ્રમાણમાં ન આવ્યા અને સાંપ્રદાયિક રીતે અલગ અલગ ચોકાઓમાં સંગઠન શકિત વધારતા ગયા. બાહય રીતે આપણો સમાજ સંગઠીત દેખાય પરંતુ સાંપ્રદાયિક તત્વ અંદરને અંદર સમાજને ખોખલું બનાવી રહયો છે.

(૨) પરીવાર સંગઠનોની રચના બાદ સમાજ હજુ એજ પરિસ્થિતિમાં પસાર થઇ રહયો છે. જયારે પરીવારનાં સંગઠનો સમાજને સમયાંતરે વિશેષ મજબુતી પ્રાપ્ત કરતાં થયા છે. પરીવારોની સંગઠન શકિત અને આર્થિક સધ્ધરતાને સમાજ વિકાસનાં કાર્યમાં કેમ સામેલ કરવા એ તટસ્થતાથી વિચારવાનો સમય પાકી ગયેલ છે.

(૩) જ્ઞાતિમાં બિનસાંપ્રદાયિકતાનો દંભ કરતા આગેવાનો ખરેખર બિનસાંપ્રદાયિક છે કે દુધ અને દહીં બંન્નેમાં પગ રાખે છે. સમાજના પ્લેટફોર્મ ઉપર માત્રને માત્ર સમાજના હિતને પ્રાધાન્ય હોવું જોઇએ.

(૪) જ્ઞાતિમાં શિક્ષણનું ધોરણ ઉંચુ આવે અને સંગઠન ભાવના વધે એવા ઉચ્ચ વિચારોથી પ્રેરાઇને ઇ.સ. ૧૯૫૭માં સમાજની રચના કરવામાં આવી અને પ્રથમ બોર્ડીંગ બનાવવામાં આવી. એટલે કે શિક્ષણનું કાર્ય સમાજે ઉપાડેલ. પાછળથી અલગ અલગ જગ્યાએ પણ છાત્રાલય/વિદ્યાલયો બનાવવામાં આવ્યા. પરંતુ આજે સાંપ્રદાયિક ધોરણે સમાજને કોરાણે મુકીને છાત્રાલયો બનવવામાં આવી રહયા છે. તો ઇ.સ. ૧૯૫૭માં સમાજના ઉમદા ઉદેશ્યનો ભ્રમ ભાંગી રહયો છે ત્યારે સમાજે ૫૦ માં વર્ષે પુનઃ વિચારણા કરવી જોઇએ.

(૫) સમાજનાં ધારાધોરણ નિયમોની કલમ ૧૯ નો ભંગ કરીને સમાજને પડકાર ફેંકનાર સામે કલમનાં ભંગ બદલ સભ્યપદ રદ કરવાની સમાજ પાસે સતા હોવા છતા તેનો ઉપયોગ સમાજે કર્યો ? આ અંગે પણ ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

(૬) કેન્દ્રીય સમાજનાં છાત્રાલયો સાંપ્રદાયિક સંસ્થાઓને વાપરવા ન આપવાનો ઠરાવ થયેલ છે. જે મુજબ અપાતાં નથી. ત્યારે ભુજમાં આગામી સમયે સ્વામિનારાયણ સંપ્રદાયના કાર્યક્રમમાં મકાન આપવાનું સ્વીકારેલ છે તો આવા નિર્ણયો શું વિવાદ નહી સર્જે ?

અને છેલ્લે છેલ્લે સમાજના ટ્રસ્ટી, પ્રમુખ, કારોબારી સભ્યો કે અન્ય હોદાઓ માટે પડાપડી થઇ રહી છે ત્યારે વિશેષ કાબેલીયત ધરાવતા સભ્ય હોવા છતાં સજ્જનો સમાજ સેવાનાં કાર્યથી દુર ભાગી રહયા છે તેમને વિવેકપૂર્વક સમાજસેવામાં સામેલ કરવા એજ અત્યારના સમયની માંગ છે. તો જ સુવર્ણ ચળકની સાથે ગુલાબની મીઠી સુગંધ પણ ભળશે